જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૬/૩/૨૦૧૪ રવિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૭૪૯/૧૪**

**ક્રાઈમ બ્રાન્ચ :-**

અમદાવાદ શહેરમાં વાહન ચોરીના બનાવો બનતા હોય જેથી આ પ્રકારના ગુન્હાઓ કરનાર ઈસમોને પકડી લઈ આવા ગુનાઓ અટકાવવા સારુ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય, જે અનુસંધાને સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રીક્રાઈમ બ્રાન્ચ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમબ્રાન્ચ નાઓની સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમબ્રાન્ચ નાઓના માર્ગ દર્શન હેઠળ પોલીસ ઈન્સપેકટર શ્રી જે.એસ.ગેડમ તથા પોસઈશ્રી બી.આર.પરમાર તથા પો.સ.ઈ.શ્રી સી.બી.ચૌધરી તથા તેઓની ટીમના માણસો આજરોજ તા.૧૫/૩/૧૪ ના રોજ અમદાવાદ શહેરમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન રાણીપ વિધ્યાવિહાર ચાર રસ્તા પાસે આવતા સાથેના સ્કોડના માણસો હે.કો.સુરેશભાઈ રામજીભાઈ તથા હે.કો વિક્રમસિંહ ચંન્દ્રસિંહ નાઓની ચોક્કસ બાતમી આધારે ચોરીની એક હોન્ડા ગ્લેમર બાઈકનં જીજે-૧ ઈ.ક્યુ-૩૮૩૬ નંબરના સાથે ત્રણ સગીર વયના બાળકો મળી આવેલ જેઓ સગીર વયના અને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરો હોય હોય જેથી તેઓના વાલીઓને બોલાવવા તજવીજ કરવામાં આવેલ અને સગીરા વયના ત્રણેય કિશોરોએ આ સિવાય બિજા ત્રણ જેટલા બાઈકો પણ છેલ્લા ત્રણેક દિવસમાં પોતે ચોરી કરી રાણીય જોગર્સ પાર્ક બગીચા પાસે મુકી રાખેલ હોવાનુ જણાવતા તેઓ ત્રણેય કિશોરોએ આગળ ચાલી આવા બીજા ત્રણ બાઈકો જેમાં સ્પલેન્ડર બાઈક નંગ-૨ તથા બજાજ સીટી-૧૦૦ બાઈક-૧ મળી કુલ્લે ચાર બાઈકો કુલ્લે કિ.રૂ.૧,૧૫,૦૦૦/- ના સીઆરપીસી કલમ-૧૦૨ મુજબ કબ્જે કરવામાં આવેલ છે.અને મળી આવેલ ત્રણેય કિશોરોને તેઓના વાલીઓને સોપવામાં આવેલ છે.

સદરહુ ત્રણેય કિશોરોએ બાઈકો ફેરવવા માટેનો શોખ પુરો કરવા સારુ છેલ્લા ત્રણ દિવસમાં જ આ ચારેય બાઈકો નારાણપુરા વિસ્તારમાંથી ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે.જેઓના કબ્જાના બાઈકો અન્વયે છેલ્લા ત્રણ દિવસમાં **નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ બાઈક ચોરી અંગેના ફર્સ્ટ ગુરનં-૭૯/૧૪, ૮૦/૧૪ તથા ૮૧/૧૪ ઈપીકો કલમ ૩૭૯ મુજબના વાહન ચોરીના ગુન્હાઓનો ભેદ** શોધાયેલ છે.

મળી આવેલ ત્રણેય સગીર વયના કિશોરો હાલમાં ધો-૮ માં અભ્યાસ કરી રહેલ છે. અને પોતાનો બાઈક ચલાવવાનો શોખ પુરો કરવા માટે ત્રણેય મિત્રો કોઈ પણ ચાવીને રોડ પર પડેલી બાઈકમાં લગાવતા અને જે પણ બાઈક આ ચાવીથી ખુલી જાય તે બાઈક લઈને થોડો સમય ચલાવતા અને ત્યાર બાદ પોતાના રહેણાંક વિસ્તાર પાસે આવેલ જોગર્સ પાર્ક બગીચા પાસે મુકી રાખતા હતા.

**<u>અમરાઇવાડી પો.સ્ટે.:</u>**

આજરોજ તા.૧૫.૩.૧૪ ના રોજ અમો તથા સર્વે.સ્કોડના પો.સ.ઇ શ્રી ડી.એસ.કોરાટ તથા હે.કો નટવરસિંહ અરજણસિંહ બ.નં ૯૧૮૧ તથા બીજા સ્ટાફના માણસો સાથે આગામી ચુંટણી તેમજ હોળી – ધુળેટી ના તહેવારને ધ્યાને લઇ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન કલાક ૧૩/૩૦ વાગે મળેલ બાતમી આધારે કોમ્બીંગના ભાગ રૂપે અમરાઇવાડી વિસ્તારમાં સક્રીય તેવી લાકડા ગેંગના ઇસમોના રહેણાંક વિસ્તારમા રેડ કરતા યોગેશ શીવપુજન ગુપ્તા રહે, જોગીન્દ્રસિંગ સરદારની ચાલી ગોપાલનગર અમરાઇવાડી અમદાવાદ શહેર ના ઘરમાંથી ૮ નંગ લોખંડની તલવાર તથા ૧૨ નંગ વાંસની નાની મોટી લાકડીઓ મળી આવેલ તદઉપરાંત (૧) પરાગ પ્રહલાદભાઇ જાતે પવાર ઉ.વ.૨૪ રહે, મ.નં ૪૪ શીવાજીનગર ગલી નં ૨ વિભાગ ૧ પોલીસ લાઇનની બાજુમાં અમરાઇવાડી અમદાવાદ શહેર (૨) ઉદયરાજસિંહ શીવસિંહ જાતે ઠાકુર ઉ.વ.૩૨ રહે, મ.નં ૨૬ વિનયપાર્ક ફ્લેટ ઉત્તમ પાર્કની બાજુમાં હિરાભાઇ ટાવરની બાજુમાં મણીનગર અમદાવાદ શહેર નાઓ વગર પાસ પરમીટનો ઇંગ્લીશ દારૂની કુલ બોટલ નંગ ૩૬૦ કિ.રૂ.૧,૨૬,૦૦૦/- તથા બીયરના ટીન નંગ ૨૮૮ કિંમત રૂ.૨૮,૮૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૧,૫૪,૮૦૦/- નો પરપ્રાંતના અંગ્રેજી દારૂના જથ્થો સાથે મળી આવેલ હોય તે બંને વિરુદ્ધ અને વોન્ટેડ યોગેશ શીવપુજન ગુપ્તા રહે, જોગીન્દ્રસિંગ સરદારની ચાલી ગોપાલનગર અમરાઇવાડી અમદાવાદ શહેર તથા લાકડા ગેંગના આઝાદ અશોકસિંગ જાતે રાજપુત તથા હાર્દિક @ મોદી નરેન્દ્રભાઇ શુક્લા તથા અર્જુન મદ્રાસી તથા સુનીલ @ ગપ્પુ રાજપુત નાઓ વિરુદ્ધ અમરાઇવાડી પો.સ્ટે સે ગુરનં ૩૦૩૯/૧૪ જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ તથા પ્રોહી ગુરનં ૫૦૯૫/૧૪ ધી પ્રોહી એકટ કલમ ૬૬(બી), ૬૫(એ)(ઇ),૧૧૬(૧)બી,૮૧ મુજબ દાખલ કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.